ગ્રાહક સુરક્ષા અધિનિયમ -૧૯૮૬ હેઠળ તાલુકા
તથા જિલ્લા કક્ષાએ ગ્રાહક સુરક્ષા અધિકારીઓએ
કરવાની રહેતી કામગીરી બાબત.

ગુજરાત સરકાર
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ.
ઠરાવ ક્રમાંક: સીપીએ/૧૦૨૦૦૬/૩૦૫૮/ડી/૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૦૩/૦૭/૨૦૨૦

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૧૧/૦૩/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક સીપીએ/૧૦૨૦૦૬/૩૦૫૮/ડ.

(૨) નિયંત્રકશ્રી કાનૂની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી ગ્રાહક સુરક્ષા કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ગ્રાબા/૯૩ગ.બો./ગ્રાસુમં/નાસા/૨૦૨૦-૨૧/૬૫/૨૦

**આમુખ :**

વંચાણે લીધા ઠરાવ ક્રમાંક (૧) થી માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોએ જે તે વર્ષની નાણાકીય સહાય મેળવવા તેનાં પછીના વર્ષની ૩૦મી જૂન સુધીમાં સંબંધિત કલેક્ટરશ્રીને નાણા સહાય મેળવવા માટે દરખાસ્ત કરવાની જોગાવાઇ કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન થવાના કારણે ગ્રાહક સુરક્ષા મંડળોના ખર્ચ અંગેના ઓડીટ રીપોર્ટ સંબંધિત સી.એ. પાસે ખરાઇ કરી તૈયાર કરવા અંગેની તેમજ અન્ય દરખાસ્તનાં દસ્તાવેજો તૈયાર કરવામાં વિલંબ થવાના કારણોસર પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**સુધારા ઠરાવ:**

વંચાણે લીધેલ અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના ઠરાવથી માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોએ જે તે વર્ષની નાણાકીય સહાય મેળવવા તેનાં પછીના વર્ષની ૩૦મી જૂન સુધીમાં સંબંધિત કલેક્ટરશ્રીને નાણા સહાય મેળવવા માટે દરખાસ્ત કરવાની જોગાવાઇ કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવમાં **ફક્ત આ વર્ષ માટે** માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોને જે તે વર્ષની નાણાકીય સહાય મેળવવા તેનાં પછીના વર્ષની **૩૦મી જૂનના સ્થાને ૩૦મી સપ્ટેમ્બર** સુધીમાં

સંબંધિત કલેક્ટરશ્રીને નાણા સહાય મેળવવા માટે દરખાસ્ત કરવાની પરવાનગી આપવામાં આવે છે તથા ૩૦મી સપ્ટેમ્બર બાદ કોઇ પણ પ્રકારની નાણા સહાયની દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહીં.
**આ વિભાગના તા.૧૧/૦૩/૨૦૦૮ના મૂળ ઠરાવની અન્ય વિગતો યથાવત રહેશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( દર્શના ચૌધરી )
સેકશન અધિકારી
અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ.

<u>નકલ રવાના:-</u>

પ્રતિ,

(૧) નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી ,એમ એસ બિલ્ડીંગ, બ્લોક-બી ,ગાંધીનગર.
( તમામ ગ્રાહક સુરક્ષા મંડળોને જાણ કરવાની વિનંતી સાથે )

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ/રાજકોટ

(૩) તમામ કલેક્ટર કચેરી, પુરવઠા શાખા.

(૪) ઉપ સચિવશ્રી (બજેટ), અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાણા સલાહકારશ્રી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સિસ્ટમ મેનેજરશ્રી, વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

(૭) પસંદગી ફાઇલ-ડી -શાખા.